## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




# રક્તદાતાઓને ઘરેથી લાવવા-લઈ જવાની સુવિધા પુરી પડાશે

### થેલેસેમિયા તથા હિમોગ્લોબીનોપથીગ્રસ્ત બાળદર્દીઓ સહિતના દર્દીઓ માટે રક્તદાન કરવા રક્તદાતાઓને હાંકલ : લોકડાઉનને લીધે અટકી ગયેલી રક્તદાન શિબિરોથી રક્તની અછત

વિશ્વભરમાં કાળમુખા કોરોના વાઈરસને પગલે તમામ આરોગ્યતંત્ર કોરોના કેન્દ્રિત બની જવા પામ્યાં છે. આ સ્થિતિમાં ગાંધીનગરમાં પણ થેલેસેમિયા જેવા રોગોના દર્દીઓ જેમને નિયમિત રક્ત ચઢાવવાની અનિવાર્યતા છે તેમને તકલીફ ના પડે તે હેતુથી રક્તદાતાઓને ઘરેથી લાવવા અને પાછા મુકી જવા સુધીની સવલત આપીને રક્તદાન કરવા અનુરોધ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવી રહ્યાં છે.

કોરોના વાઈરસ સંક્રમણની ભીતિ તથા લોકડાઉનની સ્થિતિના પગલે શહેરમાં રક્તદાનની પ્રવૃતિ અટકી જવા પામી છે જેને કારણે થેલેસેમિયાના દર્દીઓને મુશ્કેલી પડી શકે છે કેમકે આ દર્દીઓને નિયમિત સમયાંતરે નવું રક્ત ચઢાવવું અત્યંત જરૂરી હોય છે જે તેમની સારવારની એક મહત્વની પ્રક્રિયા છે. આ વિકટ પરિસ્થિતિમાં થેલેસેમિયાના દર્દીઓને જરૂરી રક્ત પુરવઠો મળી રહે તે માટે રક્તદાતાઓને હાંકલ કરવામાં આવી રહી છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા તથા હિમોગ્લોબીનોપથીગ્રસ્ત બાળદર્દીઓ સહિત રક્તની જરૂરિયાતવાળા અન્ય દર્દીઓને પણ રક્ત મેળવવામાં મુશ્કેલી ના પડે તે હેતુથી મુખ્યમંત્રીના આદેશ અનુસાર જિલ્લા તાલુકા તથા શહેરી વિસ્તારની સરકારી હોસ્પિટલ ખાતે રક્તદાતાઓ રક્તદાન કરી શકે તે હેતુથી તેમજ લોકડાઉનમાં તેમને રક્તદાન કરવા આવવા-જવામાં તકલીફ ના પડે તે માટે લાવવા-પાછા ઘરે મુકી જવાની સુવિધા પણ પુરી પાડવામાં આવશે.

**રક્તદાન કરવા સંપર્ક કરો**

ગાંધીનગરમાં રક્તદાન કરવા માટે ઈચ્છુક રક્તદાતાઓએ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના નિલેન્દુભાઈ વોરાનો મો. નં. ૯૪૨૭૮૦૧૪૦૩ અથવા જીલુભા ધાંધલનો મો. નં. ૯૮૨૪૦૨૯૯૦૨ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવ્યુ છે. આ નંબર પર સંપર્ક કરવાથી રક્તદાતાઓને તેમના નિવાસસ્થાનેથી રક્તદાન સ્થળે લઈ જવા અને રક્તદાન પુરૂ થયા બાદ તેમને પરત ઘરે મુકી જવા વાહનની સુવિધા પુરી પાડવામાં આવશે જેથી રક્તદાતાઓએ લોકડાઉનની ચિંતા કર્યા વગર રક્તદાનની સેવા આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- અમદાવાદના જમાલપુરનુ એ.પી.એચ.સી. બદલવામાં આવતાં ગાંધીનગર એ.પી.એચ.સી. પર લેનાર-વેચનારનો ધસારો વધવા પામ્યો છે. ગાંધીનગર એ.પી.એચ.સી. દ્વારા પણ આ ધસારાને પહોંચી વળવા તંત્ર સાથે હાથ મિલાવી અને શક્ય એટલુ સોશિયલ ડિસ્ટન્ટ જાળવવામાં આવે છે.
- ગાંધીનગર જિલ્લામાં આ ૧૪મી એપ્રિલ સુધીમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચી જશે તેવુ દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાનમાં જણાવાયુ છે.
- રાજ્યના મુખ્ય સચિવશ્રીએ આજે જિલ્લા વહીવટીતંત્રો સાથે પરિસ્થિતિની સમીક્ષા વિડીયો કોન્ફરન્સથી કરી હતી તો પુરવઠા વિભાગે એ.પી.એલ.-૧ના કાર્ડ ધારકોને કીટ વિતરણ અંગે પણ વિડીયો કોન્ફરન્સ કરી જિલ્લાતંત્રોને માર્ગદર્શન આપ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીએ પેથાપુર અને ખોરજના હોટ સ્પોટ વિસ્તારોની મુલાકાત લીધી હતી.
- ગાંધીનગર પરથી આજે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનનું પાસીંગ થતાં અનેક લોકોએ આજે સાંજે આ નજારો ખુબ આનંદ સાથે માણ્યો હતો.
- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૬ એપ્રિલના રોજ પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ-૨ની પરીક્ષા મોકુફ રાખવામાં આવી છે.

# દહેગામ - ચિલોડા માર્ગ પર દારૂ સાથે સરકારી ગાડી પકડાઈ

ગાંધીનગર, તા.૧૦
સમગ્ર ભારત અને ગુજરાતમાં પણ કોરોનાએ કહેર મચાવ્યો છે. રાજયમાં કોરોનાના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. લોકડાઉનમાં પણ નાગરીકો આંટા-ફેરા મારવા માટે બિનજરુરી બહાર નીકળી રહ્યા છે. તો કેટલાક લોકડાઉન વચ્ચે પણ દારુ મેળવવા માટે દારુડીયાઓ યુકિત પ્રયુકિત અપનાવી રહ્યા છે. ત્યારે લોકડાઉન વચ્ચે સરકારી ગાડીમાં દારૂનો જથ્થો લઈને નીકળેલા ત્રણ ઈસમોની ચિલોડા પોલીસના હાથે પકડાઈ ગયા છે. ચિલોડા પોલીસે રૂ.૬૩૭૨ ની કિંમતનો દારુ, ૨.૫૦ લાખની ગાડી, ૩ મોબાઈલ સહિત રૂ.૨.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ત્રણ શખ્સો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચિલોડા પીઆઈ એચ.એ.જાડેજાના માર્ગદર્શન હેઠળ પોલીસના જવાનો નાઈટ પેટ્રોલીંગમાં હતી.તે સમયે કોન્સ્ટેબલ રમેશકુમાર મનુભાઈને દારુની ફેરાફેરી અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે ગુરુવારના રોજ રાત્રીના ૧૧ વાગે દહેગામ તરફથી આવી રહેલી જી.જે.૧૮.જી.-૨૨૭૦ નંબરની સરકારી ટવેરા ગાડી પકડી પાડી હતી. પોલીસે ગાડીમાં ચેક કરતા તેમાથી વિદેશી દારુની પેટી મળી આવી હતી.જેને પગલે પોલીસે ગાડીમાં બેઠેલા ત્રણ શખ્સો હિતેશ યશવંતભાઈ બારોટ,(૪૦ વર્ષ, દિવ્યશકિત-૨ દહેગામ), ઈન્દ્રસિંહ સેંધાજી વાઘેલા,(ઉં.૩૫ અંબિકાનગર લેકાવાડા), તેમજ રાજેન્દ્રસિંહ અજીતસિંહ વાઘેલા (લેકાવાડા)ની ધરપકડ કરી હતી. જયારે પકડાયેલી સરકારી ગાડી ડિરેકટર ઓફ ઈકોનોમિક સ્ટેટિકસના નામે નોંધાવેલી છે. જયારે હિતેશ બારોટ હંગામી ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. લોકડાઉનની સ્થિતિમાં પોલીસ સરકારી ગાડી ચેકીંગ નહી કરે તે માટે સરકારી ગાડીનો ઉપયોગ કરતા પકડાઈ ગયા હતા. પોલીસે , કાર, મોબાઈલ, દારુ સહિત રૂ.૨.૫૮ લાખનો મુદ્દામાલ પકડી પાડી ત્રણેય યુવાનો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**ઘ-૦ પેટ્રોલ પંપની પાછળ નિર્જન વિસ્તારમાંથી વિદેશી દારુનો જથ્થો મળ્યો**

શહેરની ઘ-૦ ચોકડી પાસે આવેલ પેટ્રોલ પંપની પાછળ આવેલી ઝાડીઓમાંથી વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો છે. ઈન્ફોસીટી પોલીસે બાતમીને પગલે પેટ્રોલ પંપ પાછળ જતા કાચા રસ્તાથી ઝાડીઓમાં પહોંચી હતી. ત્યાં ઝાડી-જાખરામાં સંતાડેલી વિદેશી દારુની ૧૫ બોટલ મળી આવી હતી. પોલીસે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ કોઈ મળી આવ્યું ન હતું. જેથી પોલીસે ૧૫ બોટલ વિદેશી દારુ કિ. ૫૦૦ ગણીને રૂ. ૭૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરીને અજાણ્યા શખ્સ સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરમાં હજુ કયાંક કયાંક લૉકડાઉનનો સંપૂર્ણ અમલ નથી થઈ રહ્યો. સાંજના સમયે ઘણા લોકો ઘરની બહાર ટહેલતા નજરે ચઢી જાય છે.

# બાવળા હેલ્થ સેન્ટર ડોક્ટર પોઝિટિવ નિકળતા ચકચાર

### મહિલા ડોક્ટર ડ્રાઇવર સહિત જે લોકોના સંપર્કમાં આવ્યા તે તમામને ક્વોરનટાઇન કરી દેવા માટેની તજવીજ જારી

અમદાવાદ,તા.૧૦
કોરોના વાઈરસે હવે ગુજરાતને ભરડામાં લીધું છે, એક પછી એક નવા કેસ સામે આવી રહ્યાં છે, માત્ર અમદાવાદમાં જ ૧૫૩ લોકો કોરોના પોઝિટિવ છે, હવે ત્યારે લોકોની સારવાર કરનારા એક મહિલા ડોક્ટરને પણ કોરોના થતાં સ્થાનિક આરોગ્ય તંત્ર અને તબીબી આલમ દોડતુ થઈ ગયુ છે. શહેરના બાવળા હેલ્થ સેન્ટરમાં ફરજ બજાવતા મહિલા ડોક્ટરનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે, તેઓ અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં ડેપ્યુટેશન પર હતા, દરિયાપુરમાં કોરોનાના અનેક કેસ સામે આવ્યાં છે. તેથી આ મહિલા ડોક્ટર પણ દરિયાપુરમાંથી કોરોનાગ્રસ્ત બન્યા હોવાની વાત સામે આવી રહી છે. અમદાવાદ જિલ્લાના બાવળાની હરિઓમ સોસાયટીમાં રહેતા મહિલા ડોક્ટરને હાલમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. સાથે જ તેઓ તેમના ડ્રાઈવર સહિત જે લોકોનાં સતત સંપર્કમાં હતા તે તમામ લોકોને ક્વોરોન્ટાઈન કરવાની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે, તેમની સોસાયટીમાં સેનેટાઈઝરનું કામ કરાયું છે અને લોકોને પણ એલર્ટ કરાયા છે.

## અમદાવાદ હોટસ્પોટ બની ગયું

અમદાવાદ શહેર જાણે કોરોના વાયરસનું હવે સંવેદનશીલ હોટસ્પોટ બની ગયું છે અને રોજ સૌથી વધુ કેસો પણ અમદાવાદમાં જ સામે આવી રહ્યા છે. આજે પણ અમદાવાદમાં ૪૪ નવા કોરોના પોઝિટિવ કેસો સામે આવતાં શહેરના કુલ પોઝિટિવ કેસોના આંક ૧૯૭ થયો છે, જેને લઇ હવે અમ્યુકો, સ્થાનિક આરોગ્ય તંત્ર અને જિલ્લા વહીવટીતંત્ર દોડતુ થયુ છે તો સાથે સાથે નાગરિકોમાં પણ હવે કોરોનાને લઈ એક ફફડાટ જોવા મળી રહ્યો છે.



લાંબુ વેકેશન પડ્યુ છે પણ ઘરની બહાર નીકળી શકાતુ નથી, ક્યાંય ફરવા જઈ શકાતુ નથી. બાળકો માટે પરિસ્થિતિ વધુ કફોડી બની છે. દિવસ કેમ કરીને પસાર કરવો તે કપરૂ બન્યુ છે. વેકેશન હોવા છતાં ક્યાંય સમર કેમ્પ યોજાયા નથી. બાળકોનો કોલાહલ ક્યાંય સંભળાતો નથી. બાળકો ઘરમાં જ આંગણામાં નાની મોટી રમતો રમી દિવસ પસાર કરી રહ્યાં છે.

### રાજ્યના ૬૦ લાખ એપીએલ-૧ કાર્ડધારકોને

# ૧૩મીથી વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ થશે

### અનિવાર્ય સંજોગોસર ૧૩ થી ૧૭ એપ્રિલ દરમિયાન અનાજ લેવા ન આવી શકનારા એપીએલ-૧ લાભાર્થી ૧૮ એપ્રિલે અનાજ મેળવી શકશે

ગાંધીનગર, તા. ૧૦
રાજયના ૬૦ લાખ એપીએલ-૧ કાર્ડધારકોને તા. ૧૩ એપ્રિલથી વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં ગત બુધવાર તા. ૮ એપ્રિલે મળેલી વિડીયો કોન્ફરન્સીંગ કેબિનેટ બેઠકમાં રાજયના ૬૦ લાખથી વધુ એપીએલ-૧ રેશન કાર્ડધારકો-મધ્યમવર્ગીય પરિવારોને એપ્રિલ માસ પૂરતું વિનામૂલ્યે અનાજ વિતરણનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ પ્રજાહિતલક્ષી ક્રાંતિકારી નિર્ણયના પગલે હવે, રાજયભરમાં આગામી તા. ૧૩ એપ્રિલ-૨૦૨૦ થી ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ૬૦ લાખ એપીએલ-૧ કાર્ડધારકો એટલે કે ૨.૫૦ થી ૩ કરોડ જેટલા મધ્યમવર્ગીય લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણનો પ્રારંભ કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના આ નિર્ણયની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીના સચિવ અશ્વિનીકુમારે પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, પ્રવર્તમાન લોકડાઉન અને કોરોના વાયરસની પરિસ્થિતિમાં આવા અનાજના વિતરણ દરમ્યાન ભીડભાડ ન થાય, સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે અને સૌને પૂરતું અનાજ મળી રહે તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીએ સ્પષ્ટ તાકીદ કરી છે. આ હેતુસર રાજયમાં અનાજ વિતરણ વ્યવસ્થામાં સરળતાથી જળવાઈ રહે તે માટે ગ્રામ્ય અને શહેરી કક્ષાએ દુકાનદીઠ એક-એક સમિતીની રચના કરવામાં આવશે. આ સમિતીમાં શિક્ષક, તલાટી કે ગ્રામસેવક, પોલીસ અને સ્થાનિક અગ્રણીનો સમાવેશ કરવામાં આવશે તેમ મુખ્યમંત્રીના સચિવે ઉમેર્યુ હતું.

આ સમિતીએ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય, વિતરણની સુચારૂ વ્યવસ્થા અને સાચા લાભાર્થીઓને કોઈ પણ જાતની અવ્યવસ્થા વગર અનાજ મળી રહે તે માટે તમામ કાર્યવાહી કરવાની રહેશે. એપીએલ-૧ કાર્ડધારકોએ પોતાના કાર્ડ સાથે આધાર કાર્ડ પણ



લઈ જવાનું રહેશે તથા સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનધારકે વિતરણ વ્યવસ્થાનું રજીસ્ટર નિભાવવાનું રહેશે તેવા દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીએ અન્ન નાગરિક પુરવઠા વિભાગને આપેલા છે. મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું કે, આ અનાજ વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે પાંચ દિવસ એટલે કે તા. ૧૩ એપ્રિલથી ૧૭ એપ્રિલ દરમ્યાન રેશનકાર્ડના પાછલા આંકડાની સંખ્યા મુજબ અનાજ વિતરણના દિવસો નિર્ધારીત કરવામાં આવ્યા છે.

તદનુસાર, એનએફએસએમાં સમાવિષ્ટ ન હોય તેવા એપીએલ-૧ રેશનકાર્ડ ધારકોના કાર્ડના છેલ્લા અંક-આંકડા નંબર ૧ અને ૨ છે તેમને તા. ૧૩ એપ્રિલ-૨૦૨૦, ૩ અને ૪ છેલ્લા આંકડા ધરાવતા કાર્ડધારકોને તા. ૧૪ એપ્રિલ-૨૦૨૦, ૫ અને ૬ છેલ્લા આંક ધરાવતા હોય તેને તા. ૧૫ એપ્રિલ તેમજ ૭ અને ૮ છેલ્લા અંક ધરાવતા એપીએલ-૧ કાર્ડધારકે તા. ૧૬/૪/૨૦૨૦ તેમજ ૯ અને ૦ છેલ્લો આંક હોય તેવા રેશનકાર્ડ ધારકને તા. ૧૭ એપ્રિલ-૨૦૨૦ના દિવસે અનાજ વિતરણ વિનામૂલ્યે કરવામાં આવશે. મુખ્યમંત્રીના સચિવે સ્પષ્ટપણે જણાવ્યું કે, એપીએલ-૧ કાર્ડધારકો તેમના રેશનકાર્ડના છેલ્લા આંકડા મુજબ જે તારીખો-દિવસો ફાળવાયા છે તે જ દિવસે સસ્તા અનાજની દુકાને અનાજ લેવા માટે જાય તે આવશ્યક અને પ્રવર્તમાન સ્થિતીમાં સુરક્ષિત પણ છે. તેમણે એમ પણ ઉમેર્યુ કે, અનિવાર્ય સંજોગોના કારણે જો કોઈ એપીએલ-૧ કાર્ડધારક આ પાંચ દિવસ દરમ્યાન અનાજ વિતરણનો લાભ ન મેળવી શકે તો એવા લાભાર્થીઓને તા. ૧૮ એપ્રિલ-૨૦૨૦ના દિવસે અનાજ વિતરણ કરવામાં આવશે.

જેથી જે-તે દિવસે જો કોઈ લાભાર્થી અનાજ ન મેળવી શકે તો બીજા દિવસે દુકાને નહિ જઈને તા. ૧૮મી એ જ પોતાનું અનાજ મેળવવાનું રહેશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં નાના-મોટા ઊદ્યોગ એકમો, કોન્ટ્રાકટર્સ, ખાનગી એકમો પોતાના કમર્ચારીઓને છૂટા કરી શકશે નહિ તેમજ વેતન પણ આ સમય દરમ્યાન આપવાનું રહેશે તેવા જે દિશાનિર્દેશો આપેલા તેને પણ રાજ્યના ઊદ્યોગ-વેપાર એકમોએ વ્યાપક પ્રતિસાદ આપ્યો છે. મુખ્યમંત્રીશ્રીના સચિવે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યભરમાં આવા ૨૦૨૧૪ જેટલા નાના-મોટા એકમોએ તેમના કુલ ૭ લાખ ૩૮ હજાર જેટલા કામદારો-કારીગરો-શ્રમિકોને રૂ. ૧૨૬૪ કરોડનું વેતન માન ચૂકવ્યું છે. હાલની લોકડાઉનની સ્થિતીમાં શ્રમજીવી વર્ગોને નાની-મોટી બિમારીના ઈલાજ સારવાર માટે રાજ્યમાં ૩૪ જેટલા ધન્વંતરી રથ કાર્યરત છે અને તેની ઓપીડીમાં ૪૬ હજારથી વધુ શ્રમિકોને લેબર કોલોની, રેનબસેરા તથા પરપ્રાંતિય શ્રમિકોની વસાહતોમાં જઈને આરોગ્ય તપાસ સેવાઓ પૂરી પાડવામાં આવી છે તેમ પણ મુખ્યમંત્રીના સચિવે જણાવ્યું હતું.



**અપ-ડાઉનમાં ભલે તકલીફ પડે પરંતુ ફરજ તો નિભાવવી પડે ને...!!**

કોરોના કટોકટીના કારણે લાગુ પાડવામાં આવેલા લૉકડાઉનમાં તમામ જાહેર વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં સફાઈ કર્મચારી તરીકે સેવા બજાવતા આ આધેડ મહિલા ગોઝારિયા નજીકના પરબતપુરા ગામેથી અપડાઉન કરે છે. આમ તો, વ્યવસ્થાતંત્ર દ્વારા બહારગામથી આવતા મેડીકલ-પેરામેડીકલ સ્ટાફને ફરજ પર આવવા જવામાં તકલીફ ના પડે તેથી સવાર-સાંજના સમયે કેટલીક એસટી બસો દોડાવવામાં આવે છે પરંતુ બપોરના સમયે નોકરીથી છુટતાં આ મહિલાને દરરોજ ખાનગી વાહનોની લીફટ લઈને અપ-ડાઉન કરવું પડી રહ્યું છે. જેના કારણે તેમને ખૂબ તકલીફ પડી રહી છે. ઘણીવાર તો અમુક અંતર ચાલીને પણ કાપવું પડે છે. જો કે આ સ્થિતિમાં પણ તેઓ ફરજ ચાલુ રાખવા કટિબધ્ધ છે અને તેમના ચહેરા પર કોઈ જ થાક, અણગમો કે નિરાશા નહોતી વર્તાતી, આવા ફરજનિષ્ઠ સેવા સૈનિકો જ કોરોના વૉરિયર્સ બનીને ભારતની તાકાત બન્યાં છે અને કોરોના સામે લડત આપી રહ્યાં છે...સલામ છે તેમને...!!

# લોકડાઉનની વચ્ચે રાજ્યમાં ૪૬૬૯ ગુના દાખલ કરાયા

### પ્રહરી દ્વારા લોકડાઉન પર ચાંપતી નજર : ઝા : શહેરી વિસ્તારોમાં વાહનોના નંબર આધારે ટ્રેકિંગ : ૧૬૪ સોશિયલ મિડિયા એકાઉન્ટને બ્લોક કરી કાર્યવાહી કરાઈ

નોવેલ કોરોના વાયરસના સંક્રમણની શ્રૃંખલાને અટકાવવા માટે ગુજરાતમાં સંપૂર્ણ લોકડાઉનનો ચુસ્તપણે અમલ કરાવવો એ જ અમારો ધ્યેય અને પ્રાથમિકતા છે તેમ કહી રાજ્યના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોરોનાના સંક્રમણના કેસોની સંખ્યા જ્યાં જ્યાં વધુ છે તે તમામ વિસ્તારોમાં ચુસ્ત લોકડાઉનના શક્ય તેટલાં કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. આવશ્યક સેવાઓ માટે સરકાર દ્વારા આપવામાં આવેલી મુક્તિનો દુરુપયોગ ન કરવા અપીલ કરતા ઝાએ ઉમેર્યું હતું કે, આવશ્યક સેવાઓ માટે મળેલી મુક્તિનો દુરુપયોગ ચલાવી લેવામાં આવશે નહિ. આ બાબતને ગંભીતાપૂર્વક લઈને પોલીસ દ્વારા જરૂરી વોચ રાખવામાં આવી રહી છે અને આવી વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઝાએ ઉમેર્યું કે, કોરોના વાયરસ સંદર્ભે હાલમાં સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પરથી અનેક અફવાઓ ઉપરાંત આપત્તિજનક પોસ્ટ થતી હોવાની વિગતો ધ્યાને આવતાં સાયબર સેલને સોશિયલ મીડિયા ઉપર સતત વોચ રાખવા કડક સૂચના આપી દેવામાં આવી છે. સાયબર સેલ દ્વારા સોશિયલ મીડિયા પર બાજનજર રાખી તા.૨૧ માર્ચથી અત્યાર સુધીમાં ફેસબુક, ટ્વિટર, ટિકટોક, યુટ્યુબ, વોટસએપ, ઈન્સ્ટાગ્રામ સહિતના ૧૬૪ જેટલા વિવિધ સોશિયલ મિડીયા એકાઉન્ટ બ્લૉક કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ઝાએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા દ્વારા ફેલાવવામાં આવતી અફવાઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. કોરોના પોઝિટિવ દર્દીઓને રોગના લક્ષણો ન હોય તો મેડિકલ ટ્રીટમેન્ટ લેવાની આવશ્યકતા નથી. તેવો વીડિયો બનાવીને કેટલાક વ્યક્તિઓ દ્વારા ફોરવર્ડ કરવામાં આવી રહ્યા છે. જે સદંતર ખોટી બાબત છે, આવા દર્દીઓને આઈસોલેટ કરીને ચોક્કસપણે સારવાર લેવી ફરજિયાત છે. જો આવા દર્દી સારવાર ન લે તો રોગના વાહક બનીને અન્ય સંખ્યાબંધ વ્યક્તિઓને સંક્રમિત કરે છે.



**''એક અકેલા ઈસ શહેર મે...''**

લારી લઈને શહેરના સુમસામ માર્ગો પરથી પસાર થતો આ શ્રમિક કદાચ પોતાના મનમાં આવુ જ કંઈક ગણગણતો હશે... ધંધા-રોજગાર બંધ, હંમેશા ધમધમતા માર્ગો સાવ સુમસામ, ચારેકોર ડરનો માહોલ આવા સમયે બે ટંકના રોટલાની વ્યવસ્થા કરવા આ લારીવાળો ક્યાંક કામ ધંધો શોધી રહ્યો છે. ઈશ્વર આપણને આવી પરિસ્થિતિમાંથી જલ્દીથી મુક્ત કરાવે અને ધંધા રોજગાર ઝડપથી ધમધમતા થાય એવી પ્રાર્થના દિવસ રાત કરવી જોઈએ.